# સ્વર્ણિમ ગુજરાત : સંકલ્પ અને વિરાસત

-- વિષ્ણુ પંડ્યા (નામાંકિત લેખક અને પત્રકાર)

ઈ.સ. ૨૦૧૦માં, આપણી પોતાની એક અદ્‌ભુત અને ઐતિહાસિક ઘટના આકાર પામી રહી છે, અને તેનો સમગ્ર દુનિયાના આંગણે રણકાર સંભળાશે, તે છે ગુજરાત રાજ્યની સ્થાપનાની અર્ધશતાબ્દી !

આ કોઈ રાબેતા મુજબની ઘટના નથી. તેની પાછળ બે મહત્ત્વની બાબતો રહી છે : એક, રાજકીય સરકાર અને વહીવટ સાથેની પ્રાદેશિકતા ૧૯૬૦માં નિર્માણ પામી એટલે ૨૦૧૦માં પચાસ વર્ષ થશે અને બીજી, એટલી જ મહત્ત્વની વાત છે કે આ ૫૦ વર્ષની પાછળ, એકલાં ઐતિહાસિક પ્રમાણો મુજબ એક લાખ વર્ષની જૂની ગૌરવભરી પરંપરા છે. આ વિરાસતના આધારે ગુજરાત અને ગુજરાતની પ્રકૃતિ, સંસ્કૃતિ અને આકૃતિ-ત્રણેય સર્જાયાં છે. એકલો ગુજરાતી જ, દુનિયાના ચૌરાહે એવી રીતે સ્થાપિત છે, જેણે સાહસ, સંઘર્ષ, સંવાદ અને સામંજસ્યના આધારે પ્રબળ પુરુષાર્થ કર્યો.

ગુજરાતની અર્ધશતાબ્દી એટલે કે સુવર્ણજયંતીના સ્વર્ણિમ વર્ષે અતીતના વિરાટ વૈભવથી શરૂ કરીને, આજની તિથિએ પહોંચીએ, તો સંકલ્પબદ્ધ વર્તમાનનું નિર્માણ થશે.

અહીં પ્રાગૈતિહાસિક યુગથી આજ સુધીની કેટલીક નિર્ણાયક ઘટનાઓનો સંકેત માત્ર કરું છું, જેમાં આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક વળાંકોનો અંદાજ આવશે :

:૧:

- પ્રાગૈતિહાસના અવશેષો પાલનપુર, દાંતા, ઈડર પાસેથી મળે છે.
- ૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ વર્ષો પહેલાં હથિયારધારી મનુષ્ય દેખાયો.
- ૫૦૦૦ વર્ષ પહેલાંની માનવવસતિના અવશેષો લાંઘણજમાં મળ્યા.
- ઈ.સ. પૂર્વે ૩૭૦૦-૨૫૦૦માં સિંધુખીણના દીર્ઘ કપાળ ધરાવતા મનુષ્યો ગુજરાત તરફ દોરાયા.
- ગુજરાતનો વેપાર ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષનો ! ઇજિપ્તની કબરોમાંથી ગુજરાતની મલમલ અને ગળી મળ્યાં તે તેનાં પ્રમાણ છે.
- હડપ્પીય મનુષ્ય આવ્યો ઈ.સ. પૂર્વે ૨૪૫૦માં. ઈ.સ. પૂર્વે ૨૪૦૦માં તો ખંભાતના મણિયારાઓએ પથ્થરનાં સાધનો વિકસિત કર્યાં.
- લોથલ પ્રાચીન મહાનગર અને મહાબંદરગાહ બન્યું, ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીના અંતમાં. પછી તેને વારંવાર સુનામીનો, નદીના પૂરનો પ્રલય સહન કરવાનો વારો આવ્યો. એક વાર ઈ.સ. પૂર્વે ૨૦૨૦માં, બીજી વાર ઈ.સ. પૂર્વે ૨૨૦૦માં અને ત્રીજી વાર ઈ.સ. પૂર્વે ૨૦૦૦માં લોથલ પાણી તળે ડૂબી ગયું : દરેક વખતે તેણે વિનાશથી ડર્યા વિના પુનઃનિર્માણ કર્યું !
- લોથલ જેવું જ નસીબ રંગપુરનું થયું. લોથલ પરના ચોથા પૂર પછી માનવ-વસાહતો સ્થળાંતર કરવા માંડી. ઈ.સ. પૂર્વે ૧૯૦૦માં રંગપુરની હડપ્પાનગરી ડૂબી. ઈ.સ. ૧૯૦૦ સુધી વિનાશ અને નિર્માણના અધ્યાય ગુજરાતમાં રચાયા. તેને વાચા મળે તો ?
- ઈ.સ. પૂર્વે ૧૦૦૦માં, નગરા, ટીંબરવા, ભરૂચ, કામરેજ જેવાં ગામો લોહ-નિર્માણમાં ખ્યાત થયાં.
- ઈ.સ. પૂર્વેનાં હજાર વર્ષ દરમિયાન ગુજરાતમાં શાર્યાત, ભૃગુ, હૈદય... અને અંતે મથુરાના યાદવો આવ્યા. શ્રીકૃષ્ણની સુવર્ણ દ્વારિકા વિશાળ

પ્રદેશની રાજધાની બની. ઈ.સ. પૂર્વે ૯૦૦માં શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ થયો.

- ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં વૈયાકરણી પાણિની 'સૌરાષ્ટ્રિકા નારી'નાં ઉચ્ચારણોની નોંધ લે છે. કૌટિલ્યે પણ 'સુરાષ્ટ્ર'ના ક્ષત્રિયો વિશે ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં 'અર્થશાસ્ત્ર'માં લખ્યું.
- ઈ.સ. પૂર્વે ૩૨૦માં ગિરનારની તળેટી વિશાળ સુદર્શન તળાવ બંધાયું. શતરંજ-ચતુરંગ રમત શરૂ થઈ.
- ઈ.સ. પૂર્વે ૨૩૭માં અશોક સમ્રાટનો પ્રાકૃત શાસન-લેખ મુકાયો.
- ઈ.સ. પૂર્વે ૨૨૯-૨૨૦ સિંહલ (શ્રીલંકા)ની રાજકન્યા સુદર્શનાએ ભરૂચમાં 'શકુનિકાવિહાર' બંધાવ્યો.
- ઈ.સ. પૂર્વે ૨૦૦માં, અરબસ્તાન અને સિલોનનાં બંદરગાહો પૂરેપૂરાં ગુજરાતના લોકોના હાથમાં હતાં.
- ઈ.સ. પૂર્વે ૧૮૫માં ગ્રીક અને ઈ.સ. પૂર્વે ૧૫૦ થી ૧૦૦ સુધીમાં શક, કુશાણ, પાર્થિયન વગેરે ચડી આવ્યા.
- ઈ.સ. પૂર્વે ૮૩માં પ્રાચીન શકસંવત પ્રચલિત થયો.
- ઈ.સ. પૂર્વે ૫૬ : વિક્રમ સંવત શરૂ થયો.
- 'પેરિપ્લસ'ના લેખકે જણાવ્યું કે કચ્છ, સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતમાં વહાણવટાનું વ્યાપક ખેડાણ હતું. (ઈ.સ.ની પહેલી સદીની આ નોંધ છે.)
- ઈ.સ. ૧૫૦ ગુજરાતમાં ગદ્યનો જૂનામાં જૂનો નમૂનો, રુદ્રદામાનો શિલાલેખ. (જૂનાગઢ-ગિરનાર) મહાભયાનક પૂરમાં સુદર્શન તળાવ તૂટ્યું, તે રુદ્રદામને ફરી બંધાવ્યું.
- ઈ.સ. ૧૬૬-૬૭ ગુપ્ત સંવતનો પ્રારંભ થયો.
- ઈ.સ. ૨૦૦ દ્વારિકાની રાણી ધીરાદેવીએ રુદ્રદામા સામે પડકાર ફેંક્યો, છેવટે સમજૂતિ થઈ. મીરાંની જેમ દ્વારિકાની ધીરાનેય યાદ કરવી રહી !
- ઈ.સ. ૨૪૪-૨૪૫ કલચુરિ સંવત શરૂ થયો.
- ઈ.સ. ૩૦૦માં વલભીપુરમાં આર્ય નાગાર્જુને આંતરરાષ્ટ્રીય ધર્મપરિષદ બોલાવી.
- ૧૨ ઑક્ટોબર, ૩૧૮ : વલભી સંવત (ગુજરાતના પોતાના શાસક)ની શરૂઆત વિક્રમ સંવત ૩૭૫, કાર્તિક શુક્લ પૂર્ણિમા.
- ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ સ્કંદસ્વામી, વલભીપુરના નિવાસી હતા. (ઈ.સ. ૩૭૬)
- શિલાદિત્યે (વલભીપુર) શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો અને ધનેશ્વર સૂરિયે શત્રુંજય 'માહાત્મ્ય' ગ્રંથ લખ્યો. (ઈ.સ. ૩૯૧)
- ઈ.સ. ૪૦૦માં સૌરાષ્ટ્રના વેપારીએ કૌસાંબીમાં બૌદ્ધ સ્તૂપ બંધાવ્યો.
- મૈત્રકોએ વલભીપુરને રાજધાની બનાવી. (ઈ.સ. ૪૭૦)
- ગુર્જરો આવ્યા પાંચમી સદીની છેલ્લી પચ્ચીસી અથવા છઠ્ઠી સદીની પહેલી પચ્ચીસીમાં.

:૨:

ગુર્જરો આવ્યા પછીના ગુજરાતની તસવીર અને તાસીર પણ સમજવા જેવી છે.

મૈત્રકોએ લાંબા સમય સુધી રાજ્ય કર્યું. પ્રજા તો પોતાનાં જ્ઞાન, વાણિજ્ય અને કર્મના વિકાસમાં અગ્રેસર હતી. ઈ.સ. ૬૦૩માં નીવાની મુલાકાતે અહીંના રાજવી રાજથી પુત્ર ગયા અને ત્યાં વસવાટ કર્યો. ઈ.સ. ૬૨૨થી હીજરી સનનો પ્રારંભ થયો. સાતમી સદીના ઉત્તરાર્ધમાં તુર્કો અને આરબોનું સમુદ્ર રસ્તે આગમન થયું. ઈ.સ. ૬૪૦માં ચીની યાત્રિક હ્યુએન ત્સાંગ મહારાષ્ટ્રથી નર્મદા નદી ઓળંગીને ભરુઅચ્છ (ભરૂચ) આવ્યો, સ્તબ્ધ થઈ ગયો કે અરે, અહીં તો સર્વત્ર જ્ઞાનવિજ્ઞાન અને સમૃદ્ધિનો મહિમા છે ! બીજો પ્રવાસી ઇત્સિંગ કહે છે : 'વલભી વિદ્યાપીઠ બરાબર નાલંદાના જેવી જ છે ! (૬૭૧) ઈ.સ. ૭૧૧માં આરબ સરદાર મોહમ્મદ-બિન-કાસિમે સિંધ પર કબજો કર્યો. ઈ.સ. ૭૧૭ એટલે કે યઝદ્ગદી ૮૫, પારસીઓએ ભારતમાં પગ મૂક્યો, (શ્રાવણ સુદ ૯, શુક્રવાર

વિ.સં.૭૭૨)'.

ઈ.સ. ૭૨૧માં અરબી સૈન્યને શ્રી વલ્લભ નરેંદ્ર એટલે કે ચાલુક્ય રાજવી પુલકેશીએ ભીષણ સંગ્રામ કરીને મારી હટાવ્યું, ગુજરાતને બચાવી લીધું. વલભીપુરના રાજવી જયભટે પણ એમ જ કર્યું. વિ.સં. ૮૦૨માં અણહિલપુર સ્થપાયું અને પછીથી લાંબા સમય સુધી રાજધાની રહ્યું. અષાઢ સુદ ૩, શનિવાર, સંવત ૮૦૨ના પાટણની સ્થાપના. વલભીપુર સામ્રાજયનો વિલય થયો ઈ.સ. ૭૮૮માં. આજે તે એક નાનકડું વળા અથવા વલભીપુર તરીકે ઊભું છે. ખંડહર બતા રહા હૈ, ઈમારત કિતની બુલંદ થી !

ઈ.સ. ૭૮૮-૮૨૦ વચ્ચે આદિ શંકર ગુજરાત આવે છે. દ્વારકાધીશ દેવાલયનો જીર્ણોધ્ધાર કરે છે. આદ્યશક્તિની સ્થાપના તેમના હાથે થાય છે. ગાંભુ નામે ગામ ? હા, ત્યાં (ઈ.સ. ૮૯૯) મુનિ પાર્શ્વમુનિએ 'યતિ પ્રતિક્રમણ સૂત્ર' અને 'શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર' રચ્યાં. ગુજરાત નવથી દસમી સદીનાં ૨૦૦ વર્ષ જાવામાં પણ શાસન કરતું રહ્યું ! પ્રા. હોડીવાલા એ સદીમાં ઈ.સ. ૯૩૬માં પારસી ગુજરાતમાં આવ્યાનું જણાવે છે. ઈ.સ. ૯૬૧થી ૧૨૯૨ સુધીમાં અણહિલવાડ શાસનના આમંત્રણથી ઉત્તર ભારતમાંથી બ્રાહ્મણો ગુજરાતમાં આવીને સ્થાયી થયા. ઈ.સ. ૧૦૧૭-૧૦૩૭ દરમિયાન શ્રી વલ્લભાચાર્યએ દ્વારિકાની યાત્રા કરી. ૧૦૨૫ ઈસવીસનમાં મહમૂદ ગઝનવીએ હથિયાર સજ્યાં, ૧૦૨૬માં હાહાકાર મચાવતો તે સોમનાથ દેવાલય સુધી પહોંચી ગયો. ત્રણ દિવસ આક્રમણ ચાલ્યું. કેટલાક રાજપૂતો અને બ્રાહ્મણોએ સામનો કર્યો ('ગુજરાતનો નાથ' અને 'જય સોમનાથ' નવલકથામાં કનૈયાલાલ મુનશીએ રોમાંચક વર્ણન કર્યું છે. 'કીર્તિદેવ અને મુંજાલનો મેળાપ' પ્રકરણ તો આજેય બોધપાઠરૂપ છે.) ૭મી જાન્યુઆરી, ૧૦૯૪ (વિક્રમ સંવત ૧૧૫૦, પૌષ શુક્લ ત્રીજ)ના 'કર્ણાવતી' નગરી સ્થપાઈ. સિંહ-સંવત આરંભાયો. ૧૧૨૦ ઈ.સ.માં મીનળદેવીએ દ્વારિકાની યાત્રા કરીને જીર્ણોધ્ધાર કર્યો. ૧૧૩૮માં ઈ.સ.માં ભાવ બૃહસ્પતિએ સોમનાથ મંદિરના નવા જીર્ણોધ્ધાર માટે મૂળ મંદિરથી દોઢ ફૂટ ઊંચે જઈને મેરુપ્રાસાદ બનાવડાવ્યો. ભીમદેવે પણ તેનું અનુસરણ કર્યું. ઈ.સ. ૧૨૪૧માં અમદાવાદથી મહમદશાહે દ્વારિકાધીશ મંદિર તોડવા આક્રમણ કર્યું, જે પાંચ બ્રાહ્મણો-વીરજી, કરસન, વાલજી, દેવજી, નથુ ઠાકરે સામનો કર્યો, તેમની સમાધિ, દ્વારિકામાં મંદિરથી થોડેક દૂર છે 'પંચવીર'ને સ્થાને હવે 'પંચપીર' છે !

:૩:

આ અજંપાભર્યાં વર્ષો અને તે પછી મુઘલ-બ્રિટિશ-કાળ દરમિયાન પણ ગુજરાત અને ગુજરાતીઓ અસ્તિત્વની લડાઈ લડતાં રહ્યાં. એવા કેટલાંક વીરલ પાત્રો-વીરલ સ્થાનો તરફ નજર કરીએ :

(૧) કાનજી માલમ (કચ્છ) ૧૬મી સદીમાં ભારત સુધીના સમુદ્રમાર્ગમાં ભોમિયો બન્યો. તેનાં વહાણ માંડવીથી દુનિયાની બજારોમાં ખરીદાતાં.
(૨) સોળમી સદીમાં એશિયા-આફ્રિકામાં ગુજરાતી એકમાત્ર Buisness Language હતી.
(૩) શાંતિદાસ ઝવેરીએ (અમદાવાદ) એક વ્યાપારી તરીકે એંટવર્પ, ફ્લોરેન્સ, પારિસ સુધી કીર્તિપતાકા ફેલાવી.
(૪) સોમેત્રામાં ગુજરાતીઓ હતા. સિકંદરને એરિસ્ટોટલે સલાહ આપી કે 'દુનિયાભરની જાતિઓ સાથે યુદ્ધ ભલે કરે, આ ગુજરાતીઓની સાથે મનમેળ બાંધજે.'
(૫) પંડિત ઓમકારનાથ ઠાકુર : ફ્લોરેન્સમાં સંગીતજ્ઞ તરીકે આંતરરાષ્ટ્રીય સંગીતસભામાં છવાઈ ગયા હતા.
(૬) રુબીન મહેતા : યહુદી ગુજરાતી, આંતરરાષ્ટ્રીય સંગીતકાર, આજે પણ ટોચનું સ્થાન ધરાવે છે.
(૭) વીરજી વોરા (સુરત) ૧૫૯૦-૧૬૯૦ : સુરતનો જૈન વેપારી દુનિયાભરમાં તેનું Network હતું. 'richest person in the world' ગણાયો.
(૮) ભીમજી પારેખ (સુરત) વટાવપ્રવૃત્તિનો વિરોધ, હિજરત કરી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ છેવટે માથું

નમાવવું પડ્યું. પહેલવહેલું ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ બનાવ્યું. રામાયણ-મહાભારત છાપ્યાં.

(૯) રણછોડલાલ છોટાલાલે અમદાવાદને માંચેસ્ટર બનાવ્યું. લંડનમાં એમ.પી. બનેલા દાદાભાઈએ મદદ કરી (૧૮૬૧) પહેલી મિલ સ્થાપી, તેની હારમાળા થઈ.

(૧૦) જયરામ શિવાજી : મુંદ્રાથી ઝાંઝીબાર સુધી આર્થિક સામ્રાજ્ય હતું. ત્યાંના શાસકો પણ આદર આપતા.

(૧૧) ઝાંઝીબાર : સ્વાહિલી ભાષાનું પહેલું વ્યાકરણ અલિદીના શામજી લાલાણીએ (૧૮૯૧) તેમજ 'ગુજરાતી અક્ષરમાં જંગબારી ભાષા'નું મુદ્રણ-પ્રકાશન કર્યું.

(૧૨) શિવજી ટોપણ : કચ્છ-હાલારના વેપારી પૂર્વ આફ્રિકાને ગૌરવ અપાવ્યું. તેઓ 'મુકુટ વિનાના રાજા' ગણાતા. શાસકો તેમની મદદ માગતા !

(૧૩) નાનજી કાલિદાસે આફ્રિકામાં ઉદ્યોગ વિકસિત કર્યો.

(૧૪) મેઘજી પેથરાજ શાહ પણ એવું જ મહત્ત્વનું નામ છે.

(૧૫) સુનિતા વિલિયમ્સ (ઍસ્ટ્રોનેટ) આપણી ગુજરાતી પુત્રી છે.

(૧૬) મોંબાસા-નાઈરોબી, યુગાંડાની રેલવે બાંધી આપનાર એ. એમ. જીવણજી અને અલિદીના વિશ્રામ હતા.

(૧૭) ચતુર્ભુજ જોશી : બ્રિટિશ વિરોધી પત્રકાર, ફાંસીની સજા થઈ પણ કાનૂની લડાઈથી મુક્તિ મેળવી. દ.આફ્રિકાનું આ નામ ભુલાઈ ગયું છે.

(૧૮) સિંધુસંસ્કૃતિનાં બંદરો : લોથલ, ધોળાવીરા, દ્વારિકા, ભરૂચ, ખંભાત, દીવ, દમણ અને સુરત : વિશ્વખ્યાત રહેલાં.

(૧૯) ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં પૂર્વ આફ્રિકામાં ગુજરાતી ખેડૂતોએ નારિયેળનું પહેલી વાર ઉત્પાદન કર્યું હતું!

(૨૦) રોમન સામ્રાજ્ય સાથે ગુજરાતનો સંબંધ વેપારનો અને સાંસ્કૃતિક સ્તરનો રહ્યો.

(૨૧) વિ.સં.ની પહેલી સદીમાં યવનાચાર્યએ એથેન્સ જઈને સમુદ્રશાસ્ત્ર રચ્યું, તે 'યવનજાતક' આજેય એ આધિકારિક ગણાય છે.

(૨૨) પહેલા વિમાની પુરુષોત્તમ મેઘજી કબાલી એ (લખપત) ૧૯૨૯માં દુનિયાભરમાં પહેલવહેલું વિમાન ઉડાવ્યું, હિટલર-મુસોલિનીને પણ મળ્યો! પાંચ ચોપડી ભણેલો. ૧૦૦૦ પાઉન્ડમાં નાનકડું એક સીટનું વિમાન ખરીદ્યું. લંડન-પારિસ-માર્સેલ્સ-પીઝા-રોમ સુધી. રોમથી નેપલ્સ-ટ્યુનીસ-ટ્રિપોલી-કેરો-અકસ્માતમાં પૈડાં તૂટી ગયાં ! પાણીની બોતલ સાથે રણ પાર કર્યું.

(૨૩) જગતખ્યાત સિંધિયા સ્ટીમ નેવિગેશનના સ્થાપક મોરારજી ગોકળદાસ / સુમતિ મોરારજીનાં નામો અવિસ્મરણીય છે.

(૨૪) તારાચંદ મોતીચંદ શાહ : સૌરાષ્ટ્રથી ચીન ગયેલા પહેલા હિંદુ હતા. બૌદ્ધ સાધુઓની સંગત / મહાવીરની પ્રતિમા શાંગહાઈમાં સ્થાપી. ૧૮૨૨માં પરત આવ્યા.

(૨૫) દાદાભાઈ નવરોજી : લંડનમાં પહેલા સંસદસભ્ય બન્યા હતા.

(૨૬) બૅરિસ્ટર રાણા-શ્યામજી કૃષ્ણવર્મા-મેડમ કામાની ત્રિપુટીએ અમેરિકા-ઇંગ્લૅન્ડ-ફ્રાંસમાં રાજકીય આઝાદીની ચળવળ, વિદેશોમાં ચલાવી. અખબારો બહાર પાડ્યાં. ઇન્ડિયાહાઉસ સ્થાપ્યું.

(૨૭) છગન ખેરાજ વર્મા : સાનફ્રાંસિસ્કો / કેનેડામાં ભારતીય વસાહતીઓ માટેનો સંઘર્ષ, ભારતમાં 'કોમાગાટામારુ' જહાજ મોકલવાની કાનૂની લડાઈ / ગદર ચળવળનો મુખ્ય સ્તંભ / ૧૯૨૦માં સિંગાપુરમાં ફાંસી - અથવા તોપના ગોળે દેવાયા / 'ગદર' ગુજરાતી અખબારના તંત્રી હતા.

(૨૮) સ્વામી કૃષ્ણાનંદ : મલેશિયા / મોરિશિયસમાં દરેક

ઘેર રામાયણ-ગીતા પહોંચાડનાર ક્રાંતિકારી સાધુ થોડાંક વર્ષ પહેલાં દેહાવસાન પામ્યા.

:૪:

બ્રિટિશ યુગમાં ગુજરાતમાં સમાજ-સુધાર, સાહિત્ય, પત્રકારત્વ અને આઝાદીજંગ સમાંતરે ચાલતાં રહ્યાં. ૧૮૫૭ના વિપ્લવમાં ૧૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા, એક-ગરબડદાસ મુખીને આંદામાનની જનમટીપ મળી, ત્યાં જ તેમણે છેલ્લા શ્વાસ લીધા, ૧૦૦ ગામડાં બ્રિટિશરોએ બાળી મૂક્યાં, ૨૫૦ થી ૩૦૦ સ્થાનોએ વિપ્લવની આગ પ્રસરી, ઓખા-દ્વારિકાના વાઘેર-માણેકો ૧૮૫૭ પછીનાં દસ વર્ષો સુધી ખુમારીપૂર્વક લડ્યા.

ગુજરાતમાં ૧૯૦૫માં અરવિંદ ઘોષ, બારિંદ્ર ઘોષ, જતીન મુખરજી, ઉપેંદ્ર બંદોપાધ્યાયે વડોદરા અને નર્મદાકિનારે સશસ્ત્ર આંદોલનની ધૂણી ધખાવી, 'વંદેમાતરમ્', 'યુગાન્તર' પત્રમાં લખ્યું, 'ભવાનીમંદિર' નામે રાષ્ટ્રમાતાનાં મંદિરની પ્રતિષ્ઠા કરી, સુરત રાષ્ટ્રીય કૉંગ્રેસમાં ઉદ્દામ ક્રાંતિવાદનો પડઘો પડ્યો. પુરાણી બંધુઓએ વ્યાયામ-પ્રવૃત્તિને રાષ્ટ્રીય જંગ સાથે જોડી દીધી. એ જ વર્ષોમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, બૅરિસ્ટર સરદારસિંહ રાણા, મેડમ ભિખાઈજી કામા યુરોપ-અમેરિકા-ફ્રાંસમાં સક્રિય બન્યા. ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ, વંદેમાતરમ્, મદન તલવાર અખબારો પ્રકાશિત કર્યાં. લંડન અને ન્યુયૉર્કમાં 'ઇન્ડિયાહાઉસ'ની સ્થાપના થઈ. દેશ-વિદેશના ક્રાંતિકારોનો સંપર્ક સાધવામાં આવ્યો. ગોર્કી અને લેનિન પણ 'ઇન્ડિયાહાઉસ' સાથે સંપર્કમાં રહ્યા. લંડન, પારિસ, જિનિવા - ત્રણ સ્થાનેથી શ્યામજીએ મરણ સુધી સ્વાતંત્ર્યલડત ચલાવી.

એ જ સમયે કૅનેડા-સાનફ્રાંસિસ્કોમાં પોરબંદરના છગન ખેરાજ વર્માએ 'ગદર'ક્રાંતિ ચળવળમાં ભાગ લીધો. 'ગદર' ગુજરાતી અખબાર ચલાવ્યું, સિંગાપુરમાં તેને અને સુરતના કાસિમ ઇસ્માઇલ મનસુરીને 'ફોજમાં બળવા'ના આરોપસર અંગ્રેજોએ ગોળીથી ઠાર કર્યા.

અમદાવાદમાં લૉર્ડ મિંટોની રાજસવારી પર બૉબથી માંડીને અનેક ક્રાંતિચળવળો ચાલી. ૧૯૨૦ની 'અનુશીલન સમિતિ'માં દયારામ પટેલ જોડાયા. ભગતસિંહના સાથીદાર અને 'થિન્ક ટૅન્ક' તરીકે જાણીતા ભગવતીચરણ વોરા વડનગરા બ્રાહ્મણ હતા. લાહોરમાં રાવી નદી કાંઠે બૉંબવિસ્ફોટમાં શહીદ થયા. તેમનાં પત્ની દુર્ગાભાભીએ લડત ચાલુ રાખી. મુંબઈમાં અંગ્રેજો પર ગોળી ચલાવી. સ્વાધીન ભારતમાં પંજાબે તેમનું સન્માન કરેલું. ૧૯૯૯માં તેમનું લખનૌમાં અવસાન થયું.

આઝાદ હિન્દ ફોજમાં સુભાષબાબુના સંગાથી રહેલાંઓમાં લક્ષ્મીદાસ દાણી, હેમરાજ બેટાઈ અને પરિવાર, પ્રાણજીવનદાસજી મહેતા અને પરિવાર, શકુંતલા ગાંધી, નાથાલાલ દોશી વગેરેએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. બી.આર.વ્યાસ આઝાદ હિન્દ રેડિયોમાં ગુજરાતી ભાષામાં માહિતી આપતા.

છેલ્લો જંગ જૂનાગઢ-મુક્તિનો 'આરઝી હકુમત'નો, તેના સરસેનાપતિ શામળદાસ ગાંધી હતા. પાછલાં વર્ષોમાં તેમણે વિરોધપક્ષે રહેવાનું પસંદ કર્યું. નવેંબર ૧૯૪૭માં જૂનાગઢ-મુક્તિ પછી તુરંત સરદાર વલ્લભભાઈ જૂનાગઢ પહોંચ્યા, સભાને સંબોધી અને સીધા વેરાવળ-પ્રભાસ પાટણ જઈને સોમનાથના ભગ્ન દેવાલયના જીર્ણોદ્ધારની પ્રતિજ્ઞા લીધી.

ગુજરાતમાં ગાંધીજીની દાંડીકૂચ, સરદારનો બારડોલી સત્યાગ્રહ, સંખ્યાબંધ સ્થાનોએ સત્યાગ્રહો, મજૂરમહાજનની સ્થાપના, સાબરમતી આશ્રમ, કોચરબ આશ્રમ, સ્વરાજભવન (બારડોલી), ગૂજરાત વિદ્યાપીઠ વગેરે સ્વાતંત્ર્યસંગ્રામના યાદગાર બનાવો છે. ૧૯૪૨ની ચળવળમાં તેમાં સશસ્ત્ર જુસ્સો પણ ઉમેરાયો.

૧૮૫૭થી ૧૯૪૭ સુધીના ફલક પર પત્રકારત્વનો ધ્વજ આરોપિત થઈ ચૂક્યો હતો. પહેલું અખબાર 'મુંબઈ સમાચાર' તો ૧ જુલાઈ, ૧૮૨૨થી જ પ્રકાશિત થવા લાગ્યું હતું, તેના પારસી તંત્રી ફરદુનજી મર્ઝબાન સુરતના હતા. તે પછી 'જામે જમશેદ', દાદાભાઈ નવરોજીનું 'રાસ્ત ગોફતાર', 'વર્તમાનપત્ર', 'બુદ્ધિપ્રકાશ',

કરસનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ', નર્મદનું 'દાંડિયો', 'સ્વતંત્રતા', 'ગુજરાતી', 'ગુજરાતીમિત્ર', ગાંધીજીનાં 'નવજીવન પત્રો', 'ખેડા વર્તમાન' અને 'કાઠિયાવાડ સમાચાર', 'પ્રજાબંધુ', 'ગુજરાતી પંચ', 'હિન્દુસ્તાન પત્રો' હાજી અલારખિયા શિવજીનું 'વીસમી સદી', અમૃતલાલ શેઠનું 'સૌરાષ્ટ્ર', 'સંદેશ', 'પ્રભાત', 'જય સૌરાષ્ટ્ર', 'જન્મભૂમિ' આ બધાં સ્વતંત્રતા પહેલાંનાં, ઓગણીસમી સદીનાં અખબારો હતાં.

ગુજરાતને ગોવર્ધનરામ ત્રિપાઠી, નંદશંકર મહેતા, આચાર્ય આનંદશંકર ધ્રુવ, કનૈયાલાલ માણેકલાલ મુનશી, નારાયણ વિસનજી ઠક્કુર, ધૂમકેતુ, ચુનીલાલ વર્ધમાન શાહ, ગુણવંતરાય આચાર્ય, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી, બળવંતરાય ઠાકોર, કલાપી, મણિશંકર ભટ્ટ 'કાન્ત', બાલાશંકર કંથારિયા, રમણલાલ વ. દેસાઈ, જયંતી દલાલ જેવા સમર્થ સાહિત્યકારો પણ આઝાદી-પૂર્વેથી શબ્દસરિતા વહાવતા હતા.

ઠક્કરબાપા, જુગતરામ દવે, નાનાભાઈ ભટ્ટ, રવિશંકર મહારાજ, ડૉ. સુમંત મહેતા, જેવા તેજસ્વી લોકનાયકો ગુજરાતે આપ્યા. આમાંના કેટલાક ૧૯૪૭ પછી પણ જનસમૂહના તેજસ્વી તારકો રહ્યા.

**૧૯૪૭થી ૧૯૬૦ :**

આ તેર વર્ષ દરમિયાન અને તે પછી ૧૯૬૦થી આજ સુધી ૨૦૦૮માં ગુજરાતના રાજકારણ, સમાજકારણ, અર્થકારણ અને સાંસ્કૃતિક પ્રવાહોના ઘણા નિર્ણાયક વળાંકો આવ્યા. ૧૯૪૭ પછી પ્રારંભે ખેડૂત-આંદોલનની શરૂઆત થઈ હતી. ૧૯૫૬માં મહાગુજરાત આંદોલન થયું. દીવ-દાદરાનગર હવેલી-દમણની મુક્તિ માટેના સત્યાગ્રહો થયા. બે વાર ભારત-પાકિસ્તાન યુદ્ધો ગુજરાતની સરહદે થયાં. કચ્છમાં છાડબેટ પાકિસ્તાનને સોંપવાના વિરોધમાં વિપક્ષોનો એક મહિના સુધી સત્યાગ્રહ કચ્છ મોરચે ચાલ્યો. બનાસકાંઠાની સરહદે સૂઈ ગામથી એવો જ બીજો સત્યાગ્રહ થયો. ૧૯૭૪માં 'નવનિર્માણ' નામે છાત્ર-આંદોલન પ્રસર્યું. ૧૯૭૫-૭૬માં આંતરિક કટોકટી અને પ્રિસેન્સરશિપ વિરોધી સંઘર્ષ શરૂ થયો. ૧૯૮૩ અને ૧૯૮૫ અનામત-વિરોધ તરફેણ આંદોલનનો ચાલ્યાં. ૧૯૯૦માં અયોધ્યા-યાત્રામાં ગુજરાત પણ જોડાયું. પારડીમાં ઈશ્વરલાલ દેસાઈની નેતાગીરીમાં ઘાસ-સત્યાગ્રહ થયો હતો.

આવાં આંદોલનોની ભૂમિકાએ રાજકીય તખતા પર નાના અને મોટા રાજકીય પક્ષોએ સરકાર રચવા માટેની વ્યૂહરચનાઓ ગોઠવી, ચૂંટણીમાં જય-પરાજયો થયા. થોડોક સમય રાષ્ટ્રપતિશાસનનો પણ અનુભવ થયો. કૉંગ્રેસ, પ્રજાસમાજવાદી પક્ષ, સ્વતંત્ર્ય પક્ષ, કૃષક દળ, જનતા પરિષદ, ભારતીય જનસંઘ, સંસ્થા કૉંગ્રેસ-ઇંદિરા કૉંગ્રેસ, તે પછી જનતા મોરચો અને જનતા પક્ષ, કિસાન મઝદૂર લોકપક્ષ, જનતાદળ - ગુજરાત, રાષ્ટ્રીય જનતા પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી : આટલા પક્ષોના પ્રતિનિધિઓ ગુજરાત વિધાનસભામાં બેઠા. વિપક્ષે રહ્યા. કેન્દ્ર વિરુદ્ધ રાજ્યની અથડામણો વારંવાર થતી રહી. નર્મદા પ્રશ્ને ગુજરાતની પ્રજા સંવેદનશીલ રહી, કેમ કે તેનો આર્થિક, સિંચાઈ અને પીવાના પાણીના અસ્તિત્વનો સવાલ હતો.

આઝાદી પછીનાં ૬૧ વર્ષો અને ગુજરાત રાજ્ય સ્થાપનાનાં ૫૦ વર્ષોનું સમગ્રપણે મૂલ્યાંકન કરવાનો અવસર પાકી ગયો છે. લોકશાહી, ન્યાયતંત્ર, શિક્ષણ, આરોગ્ય અને અર્થકારણના ક્ષેત્રે આપણે શું મેળવ્યું, શું ગુમાવ્યું અને આગામી વર્ષોમાં કેવી હરણફાળ ભરવાની છે : તેના સામૂહિક આત્મમંથનનો આ સમય સંકલ્પબદ્ધ બનવાની પ્રેરણા જરૂર આપશે. છેવટે તો, વ્યક્તિ અને વ્યવસ્થા - બંનેમાં ગુણાત્મક ક્રાંતિનો આ અવસર છે. 'નૈતિક શક્તિવાન ગુજરાત' તેમાંથી નીપજશે, તેવો આ સાનુકૂળ સમય અને માહોલ પણ છે.

*('ગુજરાત' પાક્ષિકમાંથી સાભાર)*

**૩૬, સાકેત રો હાઉસીસ,**
**મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.**
*(મો.) ૯૮૨૪૫૪૬૪૩૮*

# ગુજરાતી કવિતામાં ગુજરાત-પ્રશસ્તિ

-- પ્રિ. સોમાભાઈ પટેલ

જનની અને જન્મભૂમિ માટે પ્રત્યેક માનવીના હૃદયમાં આદર અને ગૌરવની લાગણી હોય એ સહજ છે, કેમકે એમનો ખોળો ખૂંદીને અને એમનાં પ્રેરણાપીયૂષ પીને માનવીએ પોતાના જીવનનો આરંભ અને વિકાસ કર્યો હોય છે. જન્મભૂમિની રમ્ય પ્રકૃતિ, એનાં વૈવિધ્યભર્યા સ્થળો, એનાં મંદિરો અને કલાધામો, એનો વૈવિધ્યભર્યાં લોકસમાજ - આ બધાં સાથે એનો એવો ગાઢ નાતો બંધાઈ ગયો હોય છે કે એ એનાથી ગમે તેટલો દૂર જાય તોપણ એને ભૂલી શકતો નથી. જગતના અનેક કવિઓએ જન્મભૂમિ પ્રત્યેની આ માનવસહજ લાગણીને કાવ્યરૂપે ગાઈ છે. આપણા ગુજરાતી કવિઓએ પણ તેમની ગુજરાતભક્તિને કાવ્યમાં ઊલટભેર વાચા આપી છે.

નર્મદથી આરંભાયેલી ગુજરાત-પ્રશસ્તિની કવિતામાં નવા યુગની સ્વદેશભક્તિ અને રાષ્ટ્રભાવનાના સૂર સંભળાય છે. નર્મદે પાશ્ચાત્ય સાહિત્યની પ્રત્યક્ષ અસર હેઠળ કાવ્યસર્જન કર્યું છે. 'સ્વદેશાભિમાન' શબ્દ ગુજરાતીમાં સૌપ્રથમ યોજનાર કવિ નર્મદમાં અર્વાચીન યુગની સ્વદેશભક્તિનો ભાવ પણ સંભળાય એ સ્વાભાવિક છે. ગુજરાત પ્રદેશની અને ગુજરાતી પ્રજાની લાક્ષણિકતાઓને નર્મદે 'જય ! જય ! ગરવી ગુજરાત' કાવ્યમાં ઊલટભેર આલેખી છે. આ કાવ્ય આપણા અર્વાચીન સાહિત્યમાં ગુજરાત-ભક્તિને આલેખતું સૌપ્રથમ અને સબળ ઊર્મિગીત છે. નર્મદ પછી આજ સુધીના ઘણા કવિઓએ ગુજરાત પ્રત્યેના પોતાના ભક્તિભાવને પ્રગટ કર્યો છે, તેમ છતાં એટલું જરૂર કહી શકાય કે ન્હાનાલાલ, ખબરદાર કે ઉમાશંકર જોશી જેવા અલ્પસંખ્ય કવિઓને બાદ કરતાં કોઈ કવિ નર્મદની આ કાવ્યભાવના અને કાવ્યસિદ્ધિને આંબી શક્યો નથી. આ કાવ્યમાં નર્મદે ગુજરાતની ચારે સીમાઓ પર બિરાજતા દેવો, ગુજરાતની પ્રકૃતિ, ગુર્જર પ્રજાની વીરતા અને એકતા જેવી વિશેષતાઓનો ઉલ્લેખ કરીને ગુજરાતના ઉજ્જવલ ભાવિનો નિર્દેશ આપ્યો છે.

**"જય ! જય ! ગરવી ગુજરાત !**
**જય ! જય ! ગરવી ગુજરાત !**
**દીપે અરુણું પરભાત.**
**ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત,**
**તું ભણવ ભણવ નિજ સંતતિ સૌને પ્રેમભક્તિની રીત**
**ઊંચી તુજ સુંદર જાત,**
**જય ! જય ! ગરવી ગુજરાત !"**

'જય ! જય ! ગરવી ગુજરાત' પંક્તિ આજે ગુજરાતી પ્રજાના હૃદયમાં ચિરંજીવ સ્થાન પામેલી છે. પ્રેમ અને શૌર્યથી અંકિત એવો કસુંબલ રંગનો ધ્વજ પ્રકાશથી ઝળહળશે, એવી ભાવનામાં કવિ ગુજરાતના ઉજ્જવળ ભાવિનું સૂચન કરે છે. કવિનો આ આશાવાદ છેલ્લી પંક્તિમાં કેવી સરસ રીતે પ્રગટ થાય છે !

**"શુભ શુકન દિસે, મધ્યાહ્‌ન શોભશે,**
**વીતી ગઈ છે રાત !"**

રાત્રિ વીતી ગઈ છે, અજ્ઞાન અને અરાજકતાનો અંધકાર હવે જ્ઞાનના સૂર્યોદયથી દૂર થયો છે, એટલું જ નહિ, હવે ગુજરાતને માથે આ સુખનો સુરજ મધ્યાહ્‌ને તપશે ! આ શબ્દોમાં ગુજરાતના વિકાસ માટેની કવિની ઉત્કટ અભિલાષાનું સચોટ પ્રતિબિંબ પડે છે. વળી, કવિ ગુજરાતની તાપી, નર્મદા, મહી જેવી નદીઓને, સાગરને, ગુજરાતના યોદ્ધાઓને અને અણહિલવાડના રંગોને યાદ કરીને પોતાની આ અભિલાષાને પુષ્ટિ આપતાં કહે છે :

**"તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !"**

વળી, કવિ નર્મદ ગુજરાતની ચાર સીમાઓ પર રક્ષા કરતા દેવોને પણ યાદ કરે છે.

"ઉત્તરમાં અંબામાત,

પૂરવમાં કાળીમાત,

છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,

ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ."

નર્મદને અનુસરીને નવલરામ, ન્હાનાલાલ અને ઉમાશંકર સુધીના કવિઓમાં પણ આ વિષયનાં કાવ્યોમાં ગુજરાતનાં વિવિધ સ્થળોના ઉલ્લેખો કરવાની પરિપાટી ચાલી આવેલી જણાય છે.

સુધારક યુગમાં કવિ દલપતરામે અને નવલરામે પણ ગુજરાતવિષયક કાવ્યો લખ્યાં છે : પણ એમાં નવલરામનું "રમીએ ગુજરાતે રે..." ધ્રુવપંક્તિવાળું કાવ્ય "ગુજરાતની મુસાફરી" કંઈક અંશે ઉલ્લેખનીય ગણાય. ગરબીના ઢાળમાં લખાયેલા આ કાવ્યમાં નવલરામે ગુજરાતનો પુરાણકાલીન ઇતિહાસ, ગુજરાતનાં શિલ્પ-સ્થાપત્ય, તેના વેપાર-ઉદ્યોગ, કલાકારીગરી, સાહિત્ય વગેરેનું ગુણાનુરાગી વર્ણન કર્યું છે. આ ઉપરાંત ગુજરાતના મેળાઓ, વરઘોડાઓ અને ઠેરઠેર થતા નાચ ને રંગોનો ઉલ્લેખ કરીને ગુજરાતની પ્રજાના ઉત્સવપ્રિય અને ઉલ્લાસપ્રિય સ્વભાવનો સરસ નિર્દેશ કર્યો છે.

સુધારકયુગમાં આરંભાયેલી ગુજરાત પ્રશસ્તિની કવિતાની પરિપાટી પંડિતયુગમાં પણ ચાલુ રહે છે. જોકે આ યુગમાં કવિ ન્હાનાલાલ, બહેરામજી મલબારી અને ખબરદાર જેવા થોડાક કવિઓને બાદ કરતાં અન્ય કવિઓના પ્રયાસોને ઝાઝી સફળતા મળી નથી એમ કહેવું ઉચિત ગણાશે. કવિ ન્હાનાલાલનું "ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ" એ પંક્તિથી આરંભાતું "ગુજરાત એક ઐતિહાસિક કાવ્ય" એક ઉત્તમ કોટિનું કાવ્ય છે. આ કાવ્યમાં કવિની ગુજરાતભક્તિ તેમની શબ્દસમૃદ્ધ મનોહર વાણીમાં ઉત્કટ રીતે પ્રગટ થઈ છે. કવિ ગુજરાતને 'પુણ્યપ્રદેશ' અને 'ગુણિયલ ગુર્જરદેશ' તરીકે ઉલ્લેખીને કાવ્યનો સરસ આરંભ કરે છે :

"ધન્ય જ ધન્ય હો પુણ્યપ્રદેશ !

આપણો ગુણિયલ ગુર્જરદેશ !"

અને પછી ગુજરાતના ઐતિહાસિક-પૌરાણિક પ્રસંગોને સ્મરણાંકિત કરતી કવિની કલ્પનાદૃષ્ટિ કેટલાક દૂરદૂરના પ્રદેશોમાં કેવી ફરી વળે છે તે જુઓ -

આર્યનું સાગરતીર્થ પુરાણ,

તપોવન ભૃગુ વશિષ્ઠના ભાણ,

ગીતાના ગાનારા મહારાજ,

પાર્થના સારથિનાં જ્યહાં રાજ,

ગ્રીસ-રોમથી ય જૂનાં

કુરુ પાંડવથીયે પ્રાચીન,

સોમનાથ, ગિરનાર, દ્વારિકા

યુગ યુગ ધ્યાનવિલીન !

ગુજરાતનો વિશાળ સાગરતટ, ગુજરાતના પર્વતો, એના પર શોભતાં મંદિરો, એની રસાળ ભૂમિ વગેરેનો ઉલ્લેખ પણ કવિએ તેમની પ્રતિભાસંપન્ન વાણીમાં કર્યો છે. પણ આ કાવ્યમાં તેમણે, જેના રૂપગુણની જોડ ન જડે એવી લલિત-લજ્જાળુ ગુર્જર નારીનું જે શબ્દચિત્ર આલેખ્યું છે, તે કેટલું સ્વભાવોક્તિપૂર્ણ અને બેનમૂન છે ! જુઓ -

"ચોળી ચણિયો, પાટલીનો ઘેર,

સેંથલે સાળુની સોનલ કોર.

છેડલે આચ્છાદિત ઉર ભાવ,

લલિત લજ્જાનો વદન જમાવ,

અંગ આખે નિજ અલબેલ,

સાળુમાં ઢાંકતી રૂપની વેલ,

રાણકતનયા, ભાવ શોભના,

સુંદરતાનો શું છોડ !

આર્ય સુંદરી ! નથી અવનીમાં

તુજ રૂપગુણની જોડ !"

વળી, ગુર્જર પ્રજાની ધર્મસહિષ્ણુતાનો જોટો પણ જગતમાં જડવો મુશ્કેલ છે, એ દર્શાવતાં કવિ કહે છે :

હિન્દુ, મુસલમિન, પારસીઓને

અહીંયાં તીરથદ્વાર

પ્રભુ છે એક, ભૂમિ છે એક,

પિતા છે એક, માત છે એક,

આપણે એકની પ્રજા અનેક !

આમ, ગુજરાતમાં વસતી અનેકવિધ પ્રજાઓ એક જ માતૃભૂમિનાં સંતાનો છે એમ કહીને કવિએ ગુર્જરપ્રજાની સર્વધર્મસમન્વયની ભાવનાને બિરદાવી છે. વળી, આ ભૂમિ મહર્ષિ દયાનંદ સરસ્વતીની અને મહાત્મા ગાંધીની જન્મભૂમિ છે, એ ઉલ્લેખવાનું તેમજ સુરતી લોકોની રસિકતા, સૌરાષ્ટ્રીઓની શૂરવીરતા અને કચ્છી લોકોની સાહસપ્રિયતાને બિરદાવવાનું કવિ ચૂક્યા નથી. ન્હાનાલાલનું આ કાવ્ય તેમની ઉત્કટ ભાવનાભક્તિ, કલ્પનાલીલા અને કાવ્યમમતાને કારણે આપણાં સાહિત્યનાં ગુજરાતવિષયક કાવ્યોમાં પ્રથમ હરોળમાં સ્થાન પામે તેવું છે.

શ્રી બ. ક. ઠાકોરે પણ આ કાવ્યને ન્હાનાલાલની ઉત્તમ કૃતિઓમાંની એક કહીને બિરદાવ્યું છે. જોકે ભાવનાવિહારી ન્હાનાલાલ જ્યાં વાસ્તાવિકતાને અતિક્રમીને આલેખન કરે છે, ત્યાં તેમણે તેમની ટીકા પણ કરી છે.

શ્રી બળવંતરાય ઠાકોરે પણ "ગાંડી ગુજરાત" નામનું એક ગુજરાતવિષયક કાવ્ય લખ્યું છે : પણ તેમના આવા વાસ્તવદર્શી અભિગમના આગ્રહને કારણે જ કદાચ તેમણે આ કાવ્યમાં ગુજરાતની પ્રજાના હૃદયઔદાર્યની, તેની વિશાળ ભાવનાની ટીકા કરીને તેને ગાંડી કહી છે. જોકે પ્રાદેશિક સંકુચિતતાથી પર એવા ગુજરાતના હૃદયઔદાર્યને ઘણા ખરા ગુજરાતી કવિઓએ તો એના ગુણલક્ષણ તરીકે જ બિરદાવ્યું છે, એ નોંધવું જોઈએ.

પંડિતયુગના અન્ય કવિઓમાં પારસી કવિ બહેરામજી મલબારીએ 'ગુર્જરભૂમિને અર્પણ', 'ગુજરાતનું ભાવિ ગૌરવ' જેવાં ગુજરાતવિષયક કાવ્યો આપ્યાં છે, જેમાંનું પ્રથમ કાવ્ય નોંધપાત્ર છે. મલબારીએ કાવ્યમાં ગુજરાતનાં સારાં અને નરસાં બંને પાસાંનો ઉલ્લેખ કર્યો છે. પણ માતૃભૂમિનું ઋણ કેવું જન્મોજન્મથી પણ ફેડી ન શકાય એવું અસાધારણ હોય છે, એ ભાવ કવિ આ ચિરંજીવ પંક્તિમાં વ્યક્ત કરે છે.

"અર્પી દઉં જન્મ એવડું મા તુજ લ્હેણું"

પણ ગુજરાત-પ્રશસ્તિનાં કાવ્યો વધુ સંખ્યામાં અને ઉત્કટ ભાવભક્તિથી લખનાર કવિ તો ખબરદાર. આ પારસી કવિએ 'રાષ્ટ્રિકા' નામનો આખો કાવ્યસંગ્રહ આપ્યો છે, જેમાં આ સ્વદેશભક્ત કવિહૃદયનો પ્રતિઘોષ સંભળાય છે. આ સંગ્રહમાંના 'ગુણવંતી ગુજરાત', 'અમારી ગુજરાત', 'રળિયામણી ગુજરાત', 'ગરવી ગુજરાત', 'હો મારી ગુજરાત', 'સૌની પહેલી ગુજરાત' વગેરે કાવ્યો ઉલ્લેખનીય છે, જેમાં પહેલાં બે કાવ્યો વિશેષ નોંધપાત્ર છે. એમાંયે તેમનું 'ગુણવંતી ગુજરાત' કાવ્ય તો એક નિતાંત સુંદર ગેયકાવ્ય છે, જે આપણા સાહિત્યનાં ગુજરાતવિષયક કાવ્યોમાં પ્રથમ પંક્તિમાં સ્થાન પામે તેવું છે. આટલાં વર્ષો પછી આજે આ કાવ્ય ગુજરાતી પ્રજાના હૈયે અને હોઠે ચિરંજીવ છે. કવિએ આ કાવ્યમાં ગુજરાતની નંદનવન-શી વાડીઓ, ગુજરાતના સંતો-મહંતો અને વીર પુરુષો, ગુજરાતમાં વસતા વિવિધ કોમના લોકો એ બધાની વિશેષતાઓનો નિર્દેશ તો કર્યો જ છે, પણ એથીયે વિશેષ તો માતૃભૂમિ ગુજરાત પ્રત્યેનો કવિનો અહોભાવ કેવી સાહજિક-સુંદર કાવ્યબાનીમાં પ્રગટ થયો છે, તે જુઓ :

"મોંઘેરા તુજ મણિમંડપમાં ઝૂકી રહ્યાં અમ-શિશ,
માત મીઠી તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ
અમારી...
મીઠી મનોહર વાડી આ તારી, નંદનવનશી અમોલ,
રસફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત્ય કલ્લોલ.
અમારી....
સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત,
જય જય કરવા ત્હારી જગતમાં અર્પણ કરીએ જાત,"
અમારી....
ઊંડા ઘોર અરણ્ય વિશે કે સુંદર ઉપવનમાંય,
દેશવિદેશ અહોનિશ અંતર એક જ તારી છાંય.
અમારી....

કેવું સુંદર ભાવનાસભર ગીત છે ! કાવ્યનો લય,

તેની સમગ્ર પદાવલી આ પારસી કવિની સહજસુંદર વાણીની અને માતૃભૂમિ પ્રત્યેની ઉત્કટ ભાવનાભક્તિની સચોટ પ્રતીતિ કરાવે છે.

કવિ ખબરદારનું બીજું ચિરંજીવ કાવ્ય છે 'અમારી ગુજરાત'. આ કાવ્યની નીચેની પંક્તિ ગુજરાતીપણાનું અભિમાન ધરાવતા પ્રત્યેક ગુજરાતીના હૈયે અને હોઠે આજેય રમી રહેલ છે.

"જ્યાં-જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં-ત્યાં સદાકાળ ગુજરાત."

પંડિતયુગ પછી ગાંધીયુગ દરમિયાન રાષ્ટ્રભક્તિનો જુવાળ દેશમાં અને ગુજરાતમાં પ્રસર્યો. આ સમયમાં કવિશ્રી સુન્દરમ્ ('ગુર્જરભૂમિ,' 'ગુર્જરીના ગૃહકુંજે'), ઉમાશંકર જોશી ('ગુજરાત મોરી મોરી રે', 'હું ગુર્જર ભારતવાસી', 'એ તે કેવો ગુજરાતી' ? 'ધન્યભૂમિ ગુજરાત'), સ્નેહરશ્મિ ('જય ગુજરાત, જય મા ભોમ'), પૂજાલાલ ('મા ગુજરાત', 'મહાગુજરાત'), કૃષ્ણલાલ શ્રીધરાણી (આવ્યું આવ્યું રે ગુજરાત), ચં. ચી. મહેતા ('ગુજરાત', 'જય ગુજરાત') વગેરેએ ગુજરાતવિષયક કાવ્યો આપ્યાં છે. અલબત્ત, આં સર્વમાં કવિ શ્રી ઉમાશંકર જોશી પાસેથી આપણને આ વિષયની કેટલીક સુભગસુંદર અને ચિરંજીવ કૃતિઓ મળી છે. એમના સિવાયના અન્ય કવિઓ નર્મદ-ન્હાનાલાલની પરિપાટીથી વિશેષ સિદ્ધિ દાખવી શક્યા નથી.

શ્રી ઉમાશંકર રચિત 'ગુજરાત મોરી મોરી રે' એક સરળ સુંદર ઊર્મિગીત છે. કવિએ દર્શાવેલ ગિરનાર, પાવાગઢ અને ઇડરિયા ગઢ જેવા પહાડો, રેવા અને સાબરમતી જેવી નદીઓ, ઘૂઘવતા સમંદરની છોળો, ચરોતર અને ચોરવાડ જેવી રસાળ ભૂમિ, પાણીની હેલ ભરીને જતી નમણી પનિહારીઓ, ગુજરાતના નર્મદ અને ગાંધી - આ બધી અજોડતાથી સભર એવી ગુજરાતની ભૂમિને કોણ ચાહ્યા વગર રહી શકે ? એટલે જ કવિ આવી મોંઘેરી ગુજરાત માતૃભૂમિ તરીકે અનાયાસ મળી ગઈ, તેનો ઉમળકો વ્યક્ત કરતાં કહે છે.

"મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે !"

પણ ઉમાશંકર 'હું ગુર્જર ભારતવાસી' કાવ્યમાં પોતાની ગુજરાતભક્તિ અને રાષ્ટ્રભાવનાને એકાકાર કરી દે છે. આ કાવ્યમાં પણ તેમણે ગુજરાતની પ્રકૃતિ, તેનાં વિવિધ સ્થળો અને ગુર્જર પ્રજાની લાક્ષણિકતા તો દર્શાવી છે, તે સાથે પોતે માત્ર ગુજરાતી જ નહિ બલકે ભારતવાસી પણ છે અને જગત-નાગરિક પણ છે એ વિશાળ ભાવનાને કવિએ આ કાવ્યને અંતે પ્રગટ કરી છે.

પણ કવિની આ વિશાળ ભાવનાનો સ્પષ્ટ પ્રતિઘોષ તેમના 'એ તે કેવો ગુજરાતી' કાવ્યમાં સંભળાય છે. તેઓ પૂછે છે.

"એ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી ?
હિન્દભૂમિના નામે જેની ઊછળે ના છાતી ?"

અર્થાત્ સાચો ગુજરાતી સંકુચિત પ્રદેશવાદમાં માનતો ન હોય. જે ગુજરાતી હોવાની સાથે ભારતીય હોવાનું ગૌરવ અનુભવતો હોય એ જ સાચો ગુજરાતી છે.

ઉમાશંકર પછી આ વિષયમાં કાવ્યો લખનારાઓમાં મનસુખલાલ ઝવેરી અને ચં. ચી. મહેતા વિશેષ નોંધપાત્ર ગણાય. મોટા ભાગના કવિઓએ આ પ્રકારનાં કાવ્યો ગીતરચનાઓ રૂપે લખ્યાં છે, જ્યારે પૃથ્વી છંદમાં લખાયેલું ચં. ચી. મહેતાનું 'ગુજરાત' કાવ્ય આ વિષયના છંદોબદ્ધ કાવ્યમાં ઊંચું શૃંગ સર કરે છે. આરંભની પંક્તિઓ કેવી ઓજસ્વતી છે !

"ભમો ભરતખંડમાં, સકળ ભોમ ખૂંદી વળી,
ધરાતલ ઘૂમો કહીંય નહિ મળે રૂડી ચોતરી."

આમ, કવિને મન સમગ્ર પૃથ્વી ઉપર માતૃભૂમિ ગુજરાત જેવું સ્થળ ક્યાંય જડે એમ નથી; અને તેથી જ ગુજરાતની ભૂમિને અનન્ય ગણાવતાં તેઓ કહે છે, "અવર ન કો તું પે ભલી." કવિ કહે છે કે ગુર્જરભૂમિ ભલે પૂર્ણતાથી સભર ન હોય, પણ 'ગુજરાત' નામ સાંભળતાં જ હૃદયમાં તેના પ્રત્યેના ઊંડા ભાવ ઝણઝણાટી પેદા કરે છે. આવી અનન્ય માતૃભૂમિમાં જીવવાનું કોને

ગમે ? પણ આ કવિ તો પોતાનું મૃત્યુ પણ આ ભૂમિમાં જ ઝંખે છે :

"લીધો જનમ ને ગમે થવું જ રાખ આ ભૂમિમાં !"

મનસુખલાલ ઝવેરીનું 'જય ! જય ! ગરવી ગુજરાત' કાવ્ય તેની શબ્દાવલી અને રજૂઆત-રીતિ બંને દૃષ્ટિએ કવિ નર્મદના 'જય ! જય ! ગરવી ગુજરાત' કાવ્યની સાથે સામ્ય ધરાવે છે અને છતાં નર્મદ પછી લગભગ સો વર્ષ બાદ લખાયેલા આ કાવ્યનો ઐતિહાસિક સંદર્ભ બદલાઈ ગયો હોવાને કારણે આ કાવ્ય અર્થનાં નવાં પરિમાણ ધારણ કરે છે. નર્મદના સમયમાં 'દીપે અરુણું પરભાત'નો સંદર્ભ સામાજિક અજ્ઞાનતાના અંધકાર પછીની મુક્તિનો હતો; જ્યારે મનસુખલાલના કાવ્યમાં આ જ પંક્તિઓ છે, જે સ્વાતંત્ર્યચળવળને પરિણામે ગુલામીની અંધારી રાત દૂર થતાં સ્વાતંત્ર્યનું સુભગ પ્રભાત ઊગશે એવી અભિલાષાને વ્યંજિત કરે છે.

આ સમયગાળા દરમિયાન અને પછીથી બાલમુકુંદ દવે, હસિત બૂચ, ઉશનસ્ વગેરે કવિઓએ પણ ગુજરાતવિષયક કૃતિઓ આપી છે. પણ આ કાવ્યપ્રવાહ આધુનિક સમયમાં મંદગતિ બન્યો છે, એટલું જ નહિ બલકે નવા કવિઓને કદાચ આ વિષય બહુ આકર્ષી શક્યો નથી તેમ જણાય છે. કવિ નરસિંહરાવ જેવા તો 'દેશાભિમાન'ની કવિતાના વિષયને સંકુચિત માનતા હતા. જોકે કવિતા માટે કોઈ વિષય સંકુચિત કે સર્વવ્યાપક નથી. કવિતામાં ગમે તે વિષયના ભાવો, સર્વગમ્યતા અને કાવ્યમયતા ધારણ કરે એમાં જ એનું સાર્થક્ય છે.

આપણા સાહિત્યમાં પણ આ વિષય પરત્વે નર્મદ, ન્હાનાલાલ, ખબરદાર અને ઉમાશંકર જેવા કવિઓને હાથે કેટલીક ઉત્તમ અને ચિરંજીવ કૃતિઓ સાંપડી છે, જે ગુજરાતી ભાષાની મૂલ્યવાન સંપત્તિ છે.

**૧, રચના સોસાયટી,**
**સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**ફોન : (૦૭૯) ૨૬૭૪૩૯૬૩**